॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| | સવાલ | જવાબ |
|---|---|---|
| ૧. | પૂજ્ય નેમિસૂરિમહારાજનું સંસારી નામ શું હતું ? | નેમચંદ |
| ૨. | પૂજ્ય નેમિસૂરિમહારાજના માતાનું નામ શું હતું ? | દિવાળીબા |
| ૩. | પૂજ્ય નેમિસૂરિમહારાજના પિતાનું નામ શું હતું ? | લક્ષ્મીચંદભાઇ |
| ૪. | પૂજ્ય નેમિસૂરિમહારાજનો જન્મ કયા દિવસે થયો હતો ? | સં.૧૯૨૯ કારતક સુદ-૧ |
| ૫. | પૂજ્ય નેમિસૂરિમહારાજનો જન્મ કયા શહેરમાં થયો હતો ? | મહુવા |
| ૬. | નેમચંદ માટે જ્યોતિષી વિષ્ણુભટ્ટજીએ શું આગાહી કરી હતી ? | કુંભ લગ્નકા પૂત બડા અવધૂત |
| ૭. | નેમચંદ બાળપણથી કયા ગુણોના સ્વામી હતા ? | સાહસ અને નીડરતા |
| ૮. | નેમચંદને ઘરેથી ભાગીને દીક્ષા લેવામાં કોણે સાથ આપ્યો હતો ? | દુર્લભજીભાઇ |
| ૯. | નેમચંદે ઘરેથી ભાગીને પહેલી રાત્રિ કયાં વિતાવી હતી ? | કબ્રસ્તાનમાં |
| ૧૦. | નેમચંદે શૈક્ષણિક અભ્યાસ કેટલો કર્યો હતો ? | ૭ ધોરણ |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| સવાલ | જવાબ |
| --- | --- |
| ૧૧. નેમચંદે ભાગીને દીક્ષા કયારે લીધી હતી ? | સં.૧૯૪૫ જેઠ સુદ-૭ |
| ૧૨. દીક્ષા લીધી ત્યારે નેમચંદની ઉંમર કેટલી હતી ? | ૧૬ વર્ષ |
| ૧૩. નેમચંદની દીક્ષા કયાં શહેરમાં થઇ હતી ? | ભાવનગર. |
| ૧૪. નેમચંદે કોના ચરણકમલમાં જીવન સમર્પિત કર્યુ હતું ? | પૂ. વૃધ્ધિચંદ્રજી મહારાજ |
| ૧૫. નેમચંદનું દીક્ષા પછી શું નામ પડયું ? | મુનિ નેમવિજયજી |
| ૧૬. મુનિ નેમવિજયજીને દીક્ષા વખતે કોનું રજોહરણ મળ્યુ હતું ? | તપાગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી મહારાજ |
| ૧૭. મુનિ નેમવિજયજીને વડી દીક્ષા આપનાર ગુરુ ભગવંત કોણ હતા ? | પૂ.પ્રતાપવિજયજી મહારાજ |
| ૧૮. મુનિ નેમવિજયજીની વડી દીક્ષા કયા શહેરમાં થઇ હતી ? | અમદાવાદ |
| ૧૯. મુનિ નેમવિજયજીની કઇ શકિત ગુરુભગવંતે પારખી હતી ? | વક્તૃત્વશકિત |
| ૨૦. 'ચારિત્ર મારા પ્રાણોમાં વણાયેલું છે અને બેડીઓ એ હાથ-પગનું બંધન છે આત્માનું નથી', આ વાકય પુજયશ્રીએ કોને કહ્યું હતું ? | ન્યાયધીશને |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| સવાલ | જવાબ |
|---|---|
| ૨૧. દીક્ષાના પ્રથમ વર્ષે જ ગુરુઆજ્ઞાથી મુનિ નેમવિજયજીએ શેનું વાંચન કર્યુ હતું ? | કલ્પસૂત્ર |
| ૨૨. ગુરુમહારાજની ભાવનાને પૂર્ણ કરવા મુનિનેમવિજયજી શું ભણ્યા હતા ? | સિધ્ધાંતકૌમુદી |
| ૨૩. મુનિનેમવિજયજી ને ‘સિધ્ધાંત કૌમુદી’ ભણાવનાર પંડિતજી કોણ હતા ? | ભાનુશંકરભાઇ |
| ૨૪. ‘સિધ્ધાંત કૌમુદી’ પૂર્ણ ન થાય ત્યાં સુધી મુનિશ્રીએ શેનો ત્યાગ કર્યો હતો ? | છવિગઇ |
| ૨૫. મુનિશ્રી અભ્યાસકાળ દરમ્યાન રોજના કેટલા શ્લોક કંઠસ્થ કરતા હતા ? | ૧૦૦ |
| ૨૬. મુનિ નેમવિજયજી ગુરુભાઇ મુનિ ધર્મવિજયજી ને શેનો અભ્યાસ કરાવતા હતા ? | રઘુવંશ મહાકાવ્ય |
| ૨૭ મુનિશ્રીની વિદ્વત્તાની પ્રશંસા સાંભળીને કોને શાસ્ત્રાર્થ કરવાની ઇચ્છા થઇ હતી ? | પંડિત નાથાભાઇ |
| ૨૮ ગુરુ મહારાજની સેવા કરવાની પોતાની ઇચ્છા ગૌણ કરી પૂજ્યશ્રીએ શેને પ્રાધાન્ય આપ્યું હતું ? | ગુરુઆજ્ઞા |
| ૨૯ પૂજ્ય ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનો કાળધર્મ ક્યારે થયો ? | સં.૧૯૪૯ વૈશાખ સુદ-૭ |
| ૩૦. ગુરુ મહારાજની સ્મૃતિમાં પૂજ્યશ્રીએ શેની સ્થાપના કરી ? | વૃદ્ધિચંદ્રજી પાઠશાળા |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| સવાલ | જવાબ |
|---|---|
| ૩૧. જર્મન પ્રોફેસરના 'જૈન શાસ્ત્રોમાં માંસાહાર એ કથનનો પ્રતિકાર શાસ્ત્રીય સાથે પૂજ્યશ્રીએ કયા પુસ્તકમાં કર્યો હતો ? | પરિહાર્ય મીમાંસા |
| ૩૨. પૂજ્યશ્રી માત્ર ૭ વર્ષના પર્યાયમાં કયા ગ્રંથ પર વ્યાખ્યાન આપતા હતા ? | અષ્ટકજી |
| ૩૩. પૂજ્યશ્રીએ શ્રાવકોના જ્ઞાનવર્ધન માટે કયું માસિક શરૂ કરાવ્યું હતું ? | તત્વવિવેચક |
| ૩૪. પૂજ્યશ્રીએ કયા આચાર્ય ભગવંતોના ગ્રંથોના અભ્યાસની પરિપાટી શરૂ કરાવી હતી ? | શ્રી હરિભદ્રસૂરિજી-ઉપા યશોવિજયજી |
| ૩૫. 'નેમવિજયજી કો આચાર્યપદ દેના', આ વચન ગુરુવૃદ્ધિચંજીએ કોને કહ્યું હતું ? | પંન્યાસ ગંભીરવિજયજી |
| ૩૬. પ્રાયઃ બે દાયકા પછી સૌપ્રથમ વિધિપૂર્વક પૂજ્યશ્રી કયા પદે આરૂઢ થયા ? | આચાર્યપદ |
| ૩૭. આચાર્ય પદવી સમયે પૂજ્યશ્રીની ઉંમર કેટલી હતી ? | ૩૫ વર્ષ |
| ૩૮. પૂજ્યશ્રીની આચાર્ય પદવી ક્યારે થઇ હતી ? | સં.૧૯૬૪ જેઠ સુદ-૫ |
| ૩૯. સમન્વયવૃતિના સ્વામી પૂજ્યશ્રીએ કયા ગામમાં ૮૪ ગચ્છના રથ અને ઇન્દ્રધજા ભેગા કરાવ્યાં હતાં ? | ફલોધી |
| ૪૦. જેસલમેરના રાજાએ પૂજ્યશ્રીનું બહુમાન કંઇ ભેટ આપીને કર્યુ હતું (જેનો તેમણે અસ્વીકાર કર્યો હતો.) | પાલખી |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| સવાલ | જવાબ |
|---|---|
| ૪૧. વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળા નો પ્રથમ પ્રારંભ પૂજયશ્રીએ કયાં કરાવ્યો હતો ? | જાવાલ |
| ૪૨. પૂજયશ્રીએ 'પ્રભુવીરનું વિશદ જીવનચરિત્ર' લખવા કોને પ્રેરણા કરી હતી ? | મુનિરત્નપ્રભવિજયજી |
| ૪૩. પૂજયશ્રીએ કયાંના હસ્તલિખિત તાડપત્ર ભંડારનું સૂક્ષ્મદ્રષ્ટિથી અવલોકન કર્યુ હતું ? | જેસરમેર |
| ૪૪. 'પહાડ જેવા વિઘ્નોને ઢેફાં જેવા બનાવતી' કઇ નિષ્ઠા પૂજયશ્રીના રોમે રોમમાં હતી ? | 'જિનશાસન નિષ્ઠા' |
| ૪૫. પૂજય નેમિસૂરિ મહારાજ પાસે ઉદયપુરના કયા મહારાણા ખુલ્લા પગે અભ્યાસ માટે આવતા હતા ? | મહારાણા ફતેસિંહજી |
| ૪૬. શાસ્ત્રાર્થ કરવા માટે આવનાર કયા વકીલ પૂજયશ્રીના પરાઘાત નામકર્મથી અંજાઇ ગયા હતાં ? | પી.એલ.વૈદ્ય |
| ૪૭. ધર્મસ્થાનમાં અસભ્ય વર્તન કરનાર કયા કમિશ્નરને પૂજયશ્રીએ નીડરતા પૂર્વક અટકાવ્યા હતાં ? | પ્રાટ્સાહેબ |
| ૪૮. પૂજયશ્રીએ 'સાધુઓને હેરાન કરનાર' કોની સાન ઠેકાણે લાવી હતી ? | જાદુગર મહંમદ છેલ |
| ૪૯. સં.૧૯૫૪ માં પૂજયશ્રીએ કોની સાથે ભેગા મળીને પ્રશ્નોત્તરી સ્વરૂપે ગણધરવાદ વાંચ્યો હતો ? | પૂજય સાગરજી મહારાજ |
| ૫૦. પૂજયશ્રીએ પ્રખ્યાત જર્મન પ્રોફેસર ડૉ. જેકોબીના કેટલા પ્રશ્નોના જવાબ બે દિવસમાં આપ્યા હતાં ? | ૫૦૦ |

## ાા નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ાા

| સવાલ | જવાબ |
|---|---|
| ૫૧. મહાપુરુષોના ગ્રંથોના અભ્યાસની સુલભતા માટે પૂજ્યશ્રીએ શેની સ્થાપના કરાવી હતી ? | જૈનગ્રંથ પ્રકાશક સભા |
| ૫૨. પૂજ્યશ્રીએ ગ્રંથ પ્રકાશક સભાના ઉપક્રમે સૌ પ્રથમ કયો ગ્રંથ છપાવ્યો હતો ? | શ્રી સિદ્ધહેમ બૃહદ્‌વૃત્તિ |
| ૫૩. પૂ.નેમિસૂરિદાદાએ શ્લોકબદ્ધ રીતે તર્કશાસ્ત્રના કયા ગ્રંથની રચના કરી હતી ? | ન્યાયસિંધુ |
| ૫૪. પ્રતિમાની સત્યતાને ઉજાગર કરતો કયો ગ્રંથ પૂ.નેમિસૂરિદાદાએ રચ્યો હતો ? | પ્રતિમા માર્તંડ |
| ૫૫. પૂ. નેમિસૂરિદાદાએ તત્વાર્થ સૂત્રની શૈલીમાં સૂત્રરૂપે કયો ગ્રંથ રચ્યો હતો ? | અનેકાંતતત્વમીમાંસા |
| ૫૬. પૂ.નેમિસૂરિદાદાએ સપ્તભંગીને સમજાવતા કયા ગ્રંથની રચના કરી હતી ? | સપ્તભંગી ઉપનિષદ્ |
| ૫૭. શત્રુંજયગિરિરાજના અસહકાર આંદોલનને સફળ બનાવનાર પૂજ્યશ્રીને સંકલસંઘે કયું બિરૂદ આપ્યું હતું ? | શાસનસમ્રાટ |
| ૫૮. શાસનસમ્રાટશ્રીના કયા શ્રાવકે શત્રુંજય પર થનારી હિંસાને અટકાવવા માનસિંહ ઠાકોર સામે મોરચો માંડયો હતો ? | ભાઇચંદભાઇ |
| ૫૯. શાસનસમ્રાટશ્રીએ જ્ઞાનક્ષેત્રની સાથે જિનશાસનના બીજા કયા ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું ? | તીર્થસંરક્ષણ-સંવર્ધન-સ્થાપન |
| ૬૦. શાસનસમ્રાટશ્રીએ પ્રાણાન્ત કષ્ટે પણ જાટલોકોને હરાવી કયા તીર્થમાં જિનશાસનની પતાકા લહેરાવી હતી ? | કાપરડાતીર્થ |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| સવાલ | જવાબ |
|---|---|
| ૬૧. સમયજ્ઞ શાસનસમ્રાટશ્રીએ કયા શહેરમાં અપૂજ રહેતા ૧૯ જિનાયલોને એક કરી ભવ્ય નૂતન જિનાલય બંધાવ્યુ હતું ? | ખંભાત |
| ૬૨. શાસનસમ્રાટના ઉપદેશથી થતા વિશાલ-ભવ્ય સ્થાપત્યો કઇ લોક કહેવતથી વખણાતા હતાં ? | નેમિસૂરિજીના ભીંતડા |
| ૬૩. દીર્ઘદષ્ટા શાસનસમ્રાટશ્રીએ ખંભાતમાં શેની સ્થાપના કરાવી હતી ? | જૈન કન્યાશાળા |
| ૬૪. શાસનસમ્રાટશ્રીની નિશ્રામાં કયા પ્રાચીન તીર્થની પ્રતિષ્ઠામાં પ્રભુ પ્રવેશ વખતે પુષ્કળ અમીવર્ષા થઇ હતી ? | શેરીસા તીર્થ |
| ૬૫. પૂ.શાસનસમ્રાટની નિશ્રામાં નીકળેલા માકુભાઇના ઐતિહાસિક સંઘમાં કેટલા યાત્રિકો હતાં ? | ૧૩૦૦૦ થી અધિક |
| ૬૬. શાસનસમ્રાટશ્રીએ કયાં તીર્થના જિણોદ્ધાર દરમ્યાન ત્યાનાં દરબારોને ૭ વ્યસન છોડાવ્યા હતાં ? | કંદંબગિરિતીર્થ |
| ૬૭. સં.૧૯૯૪માં શાસનસમ્રાટશ્રીએ કંદંબગિરિમાં કેટલી પ્રતિમાની અંજનશલાકા કરી હતી ? | ૫૦૦ થી અધિક |
| ૬૮. દેવર્ધિગણિ ક્ષમાક્ષમણની નિશ્રામાં થયેલી ૫૦૦ આચાર્યની વાચનાનું તાદશદશ્ય શાસનસમ્રાટે કયાં નિર્માણ કરાવ્યુ હતું ? | વલભીપુરતીર્થ |
| ૬૯. તલવારો સાથે હુમલો કરવા આવેલા કયાં ગામના લોકોએ શાસનસમ્રાટની સૂઝથી ઢોલ-નગારા સાથે તેમનું સ્વાગત કર્યુ હતું ? | વામજ |
| ૭૦. શાસનસમ્રાટશ્રીના હાથે સૌ પ્રથમ પ્રતિષ્ઠા ખંભાતમાં કયાં પ્રભુની થઇ હતી ? | સ્થંભન પાર્શ્વનાથપ્રભુ |

## ।। નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ।।

| સવાલ | જવાબ |
|---|---|
| ૭૧. દિંગબરોના જોરને કુનેહપૂર્વક દૂર કરી શાસનસમ્રાટે કયાં તીર્થનું સંરક્ષણ કર્યુ હતું ? | પોસીના |
| ૭૨. ૨૦-૨૦ મહાતીર્થોના પુનઃઉદ્ધાર કરાવવાથી લોકોએ શાસનસમ્રાટને કયું બિરુદ આપ્યું હતું ? | તીર્થોદ્ધારક |
| ૭૩. સં.૧૯૯૦ માં શાસનસમ્રાટની અધ્યક્ષતામાં કઇ ઐતિહાસિક ઘટના બની હતી ? | શ્રમણસંમેલન |
| ૭૪. સં.૧૯૯૦ નું શ્રમણ સંમેલન કેટલા દિવસ ચાલ્યું હતું ? | ૩૪ દિવસ |
| ૭૫. શાસનસમ્રાટશ્રીએ ભારતભરના લગભગ ૧૦૦૦ જેટલા પ્રતિનિધિ સાથે સંમેલન કરી કઇ પેઢીનું બંધારણ ઘડયું હતું ? | શેઠ આંણદજી કલ્યાણજી |
| ૭૬. શાસનસમ્રાટ જૈનસંઘના પ્રમુખ કસ્તૂરભાઇને બાહોશી-કુનેહના અમીપાન કરાવવા કયું મહાકાવ્ય સંભળાવતા હતાં ? | કિરાતાર્જુનીય |
| ૭૭. પ્રભાશંકર પટ્ટણી સાહેબ રાજકાજની ગૂંચનો ઉકેલ કોના માર્ગદર્શનથી ઊકેલતા હતાં ? | દાઢીવાળા મહારાજ(પૂ.નેમિસૂરિજી મહારાજ) |
| ૭૮. 'શાસનસમ્રાટ કોઇ દેશના રાજતંત્રને વ્યવસ્થિત ચલાવવાની અદ્‌ભુત શકિતવાળા છે', એવું કોણે કહ્યું હતું ? | ડૉ. હર્મન જેકોબી |
| ૭૯. શાસનસમ્રાટશ્રીએ આખાય સોરાષ્ટ્ર દેશનું સિંચન શેનાથી કર્યુ હતું ? | અહિંસા, જીવદયા. |
| ૮૦. કરુણાભીના શાસનસમ્રાટશ્રીએ કઇ સંસ્થાઓનું લાખો રૂપિયાનું દેવુ ભરાવી નિર્વાહની વ્યવસ્થા કરી આપી હતી ? | પાંજરાપોળ |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| સવાલ | જવાબ |
|---|---|
| ૮૧. શાસનસમ્રાટશ્રીએ દાઠા ગામના કયાં લોકોને ઉપદેશ આપી ભયંકર હિંસા કરતા અટકાવ્યા હતા ? | - માછીમારો |
| ૮૨. શાસનસમ્રાટના કરેલા દરેક કાર્યમાં શેનો અભાવ જણાતો હતો ? | કર્તાબુદ્ધિ |
| ૮૩. શાસનસમ્રાટશ્રીના પોતાના કેટલા શિષ્યો હતાં ? | ૩૩ |
| ૮૪. શાસનસમ્રાટશ્રીના મહાન દાર્શનિક શિષ્ય કોણ હતાં ? | આચાર્ય દર્શનસૂરિજી મ. |
| ૮૫. શાસનસમ્રાટશ્રીના સિધ્ધાંત વાચસ્પતિ શિષ્ય કોણ હતું ? | આચાર્ય ઉદયસૂરિજી મ. |
| ૮૬. શાસનસમ્રાટશ્રીના વ્યવહારકુશળ શિષ્ય કોણ હતાં ? | આચાર્ય વિજ્ઞાનસૂરિજી મ. |
| ૮૭. શાસનસમ્રાટશ્રીના પ્રાકૃતવિશારદ શિષ્ય કોણ હતાં ? | આચાર્ય કસ્તુરસૂરિજી મ. |
| ૮૮. શાસનસમ્રાટશ્રીના આગમ સાહિત્યનાં નિષ્ણાંત શિષ્ય કોણ હતાં ? | આચાર્ય પદ્મસૂરિજી મ. |
| ૮૯ શાસનસમ્રાટશ્રીના મહાન વ્યાકરણાચાર્ય શિષ્ય કોણ હતાં ? | આચાર્ય લાવણ્યસૂરિજી મ. |
| ૯૦. શાસનસમ્રાટશ્રીના મહાન કવિઆચાર્ય શિષ્ય કોણ હતાં ? | આચાર્ય અમૃતસૂરિજી મ. |

## ॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

| | સવાલ | જવાબ |
|---|---|---|
| ૯૧. | શાસનસમ્રાટશ્રીના વાત્સલ્યનિધિ સંઘનાયક શિષ્ય કોણ હતાં ? | આચાર્ય નંદનસૂરિજી મ. |
| ૯૨. | ‘સ્તુતિકલ્પલતા’ ગ્રંથમાં શાસનસમ્રાટનું સૂરિસ્તવશતક કોણે રચ્યું હતું ? | પ્રવર્તક યશોવિજયજી |
| ૯૩. | શાસનસમ્રાટશ્રીના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ કોણ છે ? | આચાર્ય હેમચંદ્રસૂરિજી મ. |
| ૯૪. | શાસનસમ્રાટશ્રીને છેલ્લું પ્રતિક્રમણ કોણે કરાવ્યું હતું ? | પૂ. ધુરંધરવિજયજીએ |
| ૯૫. | શાસનસમ્રાટશ્રીને અંતિમ દિવસે શેનું પચ્ચક્ખાણ હતું ? | ઉપવાસ (ચૌવિહાર) |
| ૯૬. | શાસનસમ્રાટશ્રીનો કાળધર્મ કયારે થયો હતો ? | સં.૨૦૦૫ આસો વદ-અમાસ |
| ૯૭. | શાસનસમ્રાટશ્રીનું આયુષ્ય કેટલું હતું ? | સંપૂર્ણ ૭૭ વર્ષ |
| ૯૮ | મહાપુરુષોના જન્મસ્થળ અને સમાધિસ્થળ પણ તીર્થ બને છે, એ ઉકિતને સાર્થક કરતાં પૂજયશ્રીના જન્મ અને સમાધિ સ્થળે શું બન્યું ? | જિનાલય (જિનમંદિર) |
| ૯૯. | શાસનસમ્રાટ સુધર્માસ્વામીજીની કેટલામી પાટે થયાં ? | ૭૪મી પાટે |